ISSN 2454-8596
www.MyVedant.com
VIDHYAYANA
An International Multidisciplinary Research E-Journal

# ગુજરાતના વસ્તીવિષયક વલણોમાં આવેલા ફેરફારોનો અભ્યાસ (૨૦૦૧ - ૨૦૧૧)

**DABHI SANJAYKUMAR DHIRUBHAI**

Phd Research Scholar

Department Of Economics

Saurashtra University – Rajkot

VIDHYAYANA

**સારાંશ**

વસ્તી વધારો આજે વિશ્વની એક ગંભીર સમસ્યા છે.તેમાં ખાસ કરીને વિશ્વના અલ્પવિકસિત દેશોમાતો વસ્તીવધારો એ મુખ્ય સમસ્યા બની ગઈ છે. ભારત આજે વિશ્વમાં વસ્તીની બાબતમાં બીજો ક્રમ ધરાવે છે. અને આવનારા સમયમાં કદાસ પ્રથમ ક્રમે પણ આવી શકે છે. વસ્તી વધારો એ કોઈ પણ દેશ કે રાજ્ય માટે હાનિકારક છે. વસ્તી વધુ હોવાથી દેશ કે રાજ્યનો આર્થિક વિકાસ અટકી જાય છે.કારણ કે જે નાણાંનો આર્થિક વિકાસ માટે કરવાનો હોય તેનો ઉપયોગ વસ્તીના નિભાવ ખર્ચ માટે કરવો પડે છે. વસ્તીના આંકડાકીય વશ્લેષણ પર થી એ જાણી શકાય કે લોકોમાં શિક્ષણનું પ્રમાણ વધ્યું હોવા છતાં વસ્તીનું પ્રમાણ ઘટતું નથી લોકોમાં વસ્તી વધારાની અસરો ખરાબ અસરો વિશે જાણકારી નથી. પુત્ર પ્રાપ્તિની જખનાં ને કારણે વસ્તી વધારો થાય છે. આર્થિક વિકાસની સાથે સાથે વસ્તીમાં વધારો થતો ગયો છે શિક્ષણનું પ્રમાણ વધ્યું છે પરંતુ સ્ત્રી શિક્ષણનું પ્રમાણ માં ખૂબ ઓછો વધારો થયો છે. શહેરીકરણ ના પ્રમાણમાં ઉત્તરોત્તર વધારો થતા શહેરમાં ઝૂંપડપટ્ટી, ગંદા વસવાટો, પ્રદુષણનું પ્રમાણ વધીયુ છે. અને રોજગારીની ખોજમાં લોકો શહેરો તરફ પ્રયાણ કરે છે. ગ્રામ્ય વિસ્તારમાં રોજગારી નો મળતા લોકો સ્થળાંતર કરતા હોય છે. 2001 થી 2011 સુધીમાં વસ્તી, શહેરી વસ્તી, શિક્ષણ, વચતી ગીચતા, સેક્સ રેશિયો, ST, SC, વસ્તીનું પ્રમાણ, વધ્યું છે.

## 1. પ્રસ્તાવના

કોઈપણ દેશમાં આર્થિક વિકાસમાં વસ્તીનું પ્રમાણ અને તેની ગુણવતા મહત્વનો ભાગ ભજવે છે. આર્થિક પ્રવૃતિઓનાં સંદર્ભમાં વસ્તી સાધન અને સાધ્ય બને છે. વસ્તી દ્વારા એક બાજુ ચીજવસ્તુઓ અને સેવાઓનું ઉત્પાદન થાય છે તો બીજી બાજુ તેનો વપરાશ પણ થાય છે જે ચિજવસ્તુઓ અને સેવાઓની ઉત્પાદન કરતા વૃદ્ધિદર ઊંચો હોય તો દેશની જવાબદારીમાં વધારો થાય છે. સામાન્ય રીતે વસ્તીમાં જ્યારે અસાધારણ અને અમતુલીત વધારો થાય છે ત્યારે તે અનેક વિકટ સમસ્યાઓ ઉત્પન્ન કરે છે અને આથી જ વધુ પડતા સતત વસ્તી વધારાનો 'વસ્તી વિસ્ફોટ' તરીકે ઓળખાય છે. વસ્તીમાં થતો વધારો એ વિકાસ માટે ખૂબ જ ચિંતાજનક બન્યો છે. વધતી વસ્તીને રોટી, કપડા, મકાન પુરા પાડવાની સમય એક ઝલદ સ્વરૂપ પકડી રહી છે.તેથી વસ્તીશાસ્ત્રનો અભ્યાસ આજના યુગની અનિવાર્યતા છે. વસ્તીશાસ્ત્ર એક એવું સામાજિક વિજ્ઞાન છે. જેમાં વસ્તીનાં વલણો, વસ્તીની વહેંચણી તેમજ વસ્તીના સ્થળાંતરની પ્રક્રિયાઓનો સંચાલનની સાતત્યતાનું અને કરવામાં આવે છે. જે સામાજિક આર્થિક ભૌગોલીક તેમજ જૈવિક પરિબળો પર આધારીત છે. આથી વસ્તીશાસ્ત્રમાં વસ્તીનાં સિદ્ધાંતો તેમજ વસ્તીનો સમાવેશ થાય છે જેનાં આધારે રાષ્ટ્રોનાં ગામડાઓ અને શહેરી ક્ષેત્રની વસ્તીનાં આંકડાઓ જાણી શકાય છે.

**2. સંદર્ભ સાહિત્ય**

**1. ચંદ્રીકા રાવલ, વસ્તી એક સામાજિક સમસ્યા, પાર્શ્વ પબ્લીકેશન: અમદાવાદ, વર્ષ, ૨૦૦૫, પાના નં.૯**

અતિશય ઝડપી વસ્તી વૃદ્દિધ એ ભારતીય સમાજમાં સામાજિક સંબંધોમાં વિક્ષેપ ઉભો કર્યો છે. સામાજિક સુમેળ અને સામાજિક એકતા સામે અવરોધ ઉભો કર્યો છે. વ્યાપક સમસ્યાઓ જેવી કે ગરીબી અને બેકારી સર્જાયા છે. આને લીધે સમાજજીવનમાં ગુનાખોરી, સંઘર્ષ અને તંગદીલી વધ્યા છે. કૌટુંબિક શાંતિ અને સ્થિરતામાં અવરોધ ઉભો થયો છે. વસ્તી વૃદ્દિધ એ સમાજના નૈતિક મૂલ્યોને નુકશાન પહોંચાડ્યું છે. શહેરીકરણ અને શહેરીગીચતામાં ઉતરોતર વૃદ્દિધ થતી રહે છે, ઉચા જન્મદરનાં કારણે અને શહેરોમાં ભીડ અને ગીચતા વધતા જાય છે. હવા અને પાણીનું પ્રદૂષણ વધ્યું છે.વસવાટોની તીવ્ર અછત ઉભી થઈ છે. પરિણામે ગંદા વિસ્તારો વધ્યાં છે. શિક્ષણની પૂર્ણતા પ્રાપ્ત થઈ શકતી નથી.

**2. હરિશ દોશી ભારતમાં નગરીકરણ, યુનિવર્સિટી ગ્રંથ નિમણિ બોર્ડ, ગુજરાત રાજય, અમદાવાદ, વર્ષ: ૧૯૮૯, પાના નં. ૮૯**

ભારતમાં આર્થિક વિકાસને ક્ષેત્રે દેખાતી પ્રાદેશિક અસમતુલા નગરીકરણની દિશાને પ્રભાવિત કરે છે. જે પ્રદેશોનો ઔધોગીક વિકાસ થયો છે ત્યાં નગરીકરણની પ્રક્રિયાઓ પણ વેગ પકડયો છે. તદઉપરાંત પંચવર્ષીય યોજનાઓ દ્વારા કેટલાક પછાત વિસ્તારોમાં કે જ્યાં કુદરતી સંપદા મળી આવી છે ત્યાં જાહેર ક્ષેત્રના મોટા પાયે પરના ઉદ્યોગો નંખાયા છે. પરંતુ આ ઔધોગીક કેન્દ્રો સાથે નગરીકરણનાં સંદર્ભમાં જે વિસંગતતા ઉભી થઈ છે તે એ છે કે જે જે પછાત વિસ્તારોમાં એવા નગરોનો વિકાસ થયો છે. તેમની આસપાસનો વિસ્તાર ખાસ લાભ પામી શકયો નથી. પરિણામે ત્યાં બે પ્રક્રિયા જોવા મળે છે. એક બાજુ વિશાળ ઉદ્યોગો અને બીજી બાજુ પછાત આદિવાસી અને ખેતવિસ્તાર હોય છે. ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને ડાંગ વિસ્તારોમાં આવા પ્રાદેશિક અસમતુલાના ચિન્હો સ્પષ્ટપણે દેખાઈ આવે છે.

**3. પ્રો. મહેશ ગઢીયા ગુજરાત અને વસ્તી વૃદ્દિધ, અર્થસંકલન, વર્ષ-૪૫, અંક-૬, તા.૩૦-૬ ૨૦૧૨, પાના નં. ૧૭૮**

ભારતમાં થઈ રહેલા વસ્તીવધારાની જેમ ગુજરાતમાં પોણે વસ્તી વધારો ઝડપથી આગળ વધી રહ્યો છે, તથા વસ્તીની ગીચતામાં વધારો થઈ રહ્યો છે. સ્ત્રી-પુરુષનાં પ્રમાણમાં ધરખમ ઘટાડો જોવા મળેલ છે. જે બાબતે આપણા માટે નિરાશ ઉત્પન્ન કરનારી છે. જયારે સાક્ષરતાના દરમાં વધારો નોંધાયો છે. તે ગુજરાતની પ્રગતિ અને વિકાસ માટે અતિ અગત્યનું અને મહત્વનું પરિબળ બની રહે છે.

s

**3. અભ્યાસનું મહત્વ**

મોટા ભાગના સંશોધનો સમાજમાટે ઉપયોગી હોય છે. પ્રસ્તુત સંશોધન પેપરનું પણ મહત્વ રહેલું છે.

1. ગુજરાત રાજ્યની વસ્તી તેમજ વસ્તીનું કદ જાણી શકાશે

2.ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં વસ્તીનું પ્રમાણ વસ્તી ગીચતા જાણી શકાશે

3.ગુજરાત રાજ્યના જિલ્લાઓમાં શિક્ષણ નું પ્રમાણ જાણી શકાય

4. દર હજાર પુરુષો એ સ્ત્રીઓની સંખ્યા જાણી શકાય તેમાં થયેલા ફેરફારો જાણી શકાય

**4. હેતુઓ:**

1. ગુજરાતમાં કુલ વસ્તીમાં થયેલા ફેરફારો જાણવા

2. ગુજરાતમાં વસ્તી ગીચતા માં થયેલો ફેરફાર જાણવા

3.લિંગઅનુપાત માં થયેલા ફેરફાર તપાસવા

4.વસ્તી વૃદ્ધિના થયેલા ફેરફાર તપાસવા

5.સાક્ષરતાના દરમાં થયેલા ફેરફારો તપાસવા

**5.માહિતીની પ્રાપ્તી**

પ્રસ્તુત સંશોધન પેપરમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.વસ્તી ગણતરી ની પુસ્તિકા અને સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા વસ્તી ગણતરીના આંકડા ઈન્ટરનેટ પર વેબસાઈટના માધ્યમ દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત વસ્તી પર થયેલા જુના સંશોધનો તેમજ જુદા જુદા સામાયિકો માંથી માહિતી એકત્રિત કરવામાં આવી છે.

VIDHYAYANA

ISSN 2454-8596
www.MyVedant.com

VIDHYAYANA

An International Multidisciplinary Research E-Journal

### 6. વસ્તી વલણમાં થયેલા ફેરફારો

#### 1. ગુજરાતમાં કુલ વસ્તીમાં થયેલા ફેરફારો જાણવા

(કોષ્ટક.1)

| ક્રમ | જિલ્લા નું નામ | કુલ વસ્તી | | ક્રમ | જિલ્લા નું નામ | કુલ વસ્તી | |
|---|---|---|---|---|---|---|---|
| | | 2001 | 2011 | | | 2001 | 2011 |
| | | કુલ વસ્તી | કુલ વસ્તી | | | કુલ વસ્તી | કુલ વસ્તી |
| 1 | કચ્છ | 1583225 | 2092371 | 15 | આણંદ | 1856872 | 2092745 |
| 2 | બનાસકાંઠા | 2504244 | 3120506 | 16 | ખેડા | 2024216 | 2299885 |
| 3 | પાટણ | 1182709 | 1343734 | 17 | પંચમહાલ | 2025277 | 2390776 |
| 4 | મહેસાણા | 1837892 | 2035064 | 18 | દાહોદ | 1636433 | 2127086 |
| 5 | સાબરકાંઠા | 2082531 | 2428589 | 19 | વડોદરા | 3641802 | 4165626 |
| 6 | ગાંધીનગર | 1334445 | 1391753 | 20 | નર્મદા | 514404 | 590297 |
| 7 | અમદાવાદ | 5816519 | 7214225 | 21 | ભરૂચ | 1370656 | 1551019 |
| 8 | સુરેન્દ્રનગર | 1515148 | 1756268 | 22 | ડાંગ | 186729 | 228291 |
| 9 | રાજકોટ | 3169881 | 3804558 | 23 | નવસારી | 1229463 | 1329672 |
| 10 | જામનગર | 1904278 | 2160119 | 24 | વલસાડ | 1410533 | 1705678 |
| 11 | પોરબંદર | 536835 | 585499 | 25 | સુરત | 4995174 | 6081322 |
| 12 | જુનાગઢ | 2448173 | 2743082 | 26 | તાપી | | 807022 |
| 13 | અમરેલી | 1393918 | 1514190 | 27 | ગુજરાત | 50671017 | 60439692 |
| 14 | ભાવનગર | 2469630 | 2880365 | | | | |

(સ્ત્રોત: જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા)

ગુજરાતની કુલ વસ્તીમાં કુલ વધારો 2001 થી 2011 સુધીમાં 0.98 કરોડનો વધારો નોંધાયો છે.ગુજરાત ના તમામ જિલ્લાઓમાં વસ્તી વધારો થયો છે. વસ્તી વધારાનો દર અનિયમિત છે અમુક જિલ્લામાં નહિવત વધારો થયો તો અમુક જીલામાં વધારે પ્રમાણમાં વસ્તી વધારો થયો છે.

**2. ગુજરાતમાં વસ્તી ગીચતામાં થયેલો ફેરફાર જાણવા**

**(કોષ્ટક.2)**

| વસ્તી ગીચતા | | |
|---|---|---|
| | **2001** | **2011** |
| **જીલાનું નામ** | **વસ્તી ગીચતા** | **વસ્તી ગીચતા** |
| કચ્છ | 35 | 46 |
| બનાસકાંઠા | 233 | 290 |
| પાટણ | 206 | 232 |
| મહેસાણા | 420 | 465 |
| સાબરકાંઠા | 282 | 328 |
| ગાંધીનગર | 616 | 650 |
| અમદાવાદ | 719 | 890 |
| સુરેન્દ્રનગર | 144 | 169 |
| રાજકોટ | 283 | 340 |
| જામનગર | 135 | 152 |
| પોરબંદર | 234 | 253 |
| જુનાગઢ | 277 | 311 |
| અમરેલી | 188 | 205 |
| ભાવનગર | 247 | 287 |
| આણંદ | 631 | 653 |
| ખેડા | 480 | 582 |
| પંચમહાલ | 389 | 457 |
| દાહોદ | 448 | 584 |
| વડોદરા | 482 | 552 |
| નર્મદા | 187 | 210 |
| ભરૂચ | 210 | 238 |

| | | |
|---|---|---|
| ડાંગ | 106 | 129 |
| નવસારી | 557 | 592 |
| વલસાડ | 465 | 567 |
| સુરત | 652 | 1337 |
| તાપી | | 257 |
| ગુજરાત | 258 | 308 |

(સ્ત્રોત: જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા)

ઉપરોક્ત કોષ્ટકમાં જાણવા મળે છે.કે ગુજરાત ના 14 જીલાઓ એવા છે. કે જેમાં વસ્તી ગીચતા સમગ્ર રાજ્યની વસ્તી ગીચતા કરતા વધારે છે. 2011માં પણ 14 જિલ્લા એવા છે કે જેમાં વસ્તી ગીચતા સમગ્ર રાજ્યની વસ્તી ગીચતા કરતા વધારે છે. સૌથી વધુ વસ્તી ગીચતા 2001 માં અમદાવાદ જીલામાં હતી જ્યારે 2011માં સુરતમાં સૌથી વધારે છે.સૌથી ઓછી વસ્તી ગીચતા કચ્છમાં જોવા મળે છે ગુજરાતના તમામ જિલ્લામાં 2001 ની તુલનામાં 2011 માં વસ્તી ગીચતા માં વધારો થયો છે. અમદાવાદ સુરત ખેડા દાહોદ નવસારી જિલ્લામાં 2001 ની તુલનામાં 2011 માં વસ્તી ગીચતામાં વધુ વધારો થયો છે.

VIDHYAYANA

### 3. લિંગ અનુપાતમાં થયેલા ફેરફાર તપાસવા

(કોષ્ટક.3)

| દર હજાર પુરુષે સ્ત્રીઓનું પ્રમાણ | | |
|---|---|---|
| | 2001 | 2011 |
| જીલાનું નામ | લિંગ અનુપાત | લિંગ અનુપાત |
| કચ્છ | 942 | 908 |
| બનાસકાંઠા | 930 | 938 |
| પાટણ | 932 | 935 |
| મહેસાણા | 927 | 926 |
| સાબરકાંઠા | 947 | 952 |

ISSN 2454-8596
www.MyVedant.com
An International Multidisciplinary Research E-Journal

| | | |
|---|---|---|
| ગાંધીનગર | 912 | 923 |
| અમદાવાદ | 892 | 904 |
| સુરેન્દ્રનગર | 924 | 930 |
| રાજકોટ | 930 | 927 |
| જામનગર | 941 | 939 |
| પોરબંદર | 946 | 950 |
| જુનાગઢ | 955 | 953 |
| અમરેલી | 987 | 964 |
| ભાવનગર | 937 | 933 |
| આણંદ | 910 | 925 |
| ખેડા | 923 | 940 |
| પંચમહાલ | 938 | 949 |
| દાહોદ | 985 | 990 |
| વડોદરા | 919 | 934 |
| નર્મદા | 949 | 961 |
| ભરૂચ | 921 | 925 |
| ડાંગ | 987 | 1006 |
| નવસારી | 955 | 961 |
| વલસાડ | 920 | 922 |
| સુરત | 835 | 787 |
| તાપી | | 1007 |
| ગુજરાત | 920 | 919 |

(સ્ત્રોત: જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા)

ગુજરાતના 2001 માં 4 જિલ્લા એવા છે કે જેમાં સેક્સ રેશિયો ગુજરાતના સરેરાશ સેક્સ રેશિયોના પ્રમાણ કરતા ઓછું છે. ડાંગ અને તાપી જિલ્લામાં 2011માં દર હજાર પુરુષે સ્ત્રીનું પ્રમાણ 1000 પુરુષો કરતા વધારે છે.

ગુજરાતના 8 જીલાઓ એવા છે જેમાં 2001ની તુલનામાં 2011 સ્ત્રીઓનું પ્રમાણ ઘટીયું છે. સુરત જિલ્લામાં સ્રીઓનું પ્રમાણ સાવ ઓછું છે. ગુજરાતમાં 2001ની તુલનમાં 2011માં નજીવો ફેરફાર થયો છે.આંકડાઓ પર થી કહી શકાય કે સ્ત્રી ભ્રુણ હત્યાનું પ્રમાણ ઘટીયું નથી લોકોની માનસિકતામાં ફેરફાર થયો નથી

**4. વસ્તી વૃદ્ધિના થયેલા ફેરફાર તપાસવા**

**(કોષ્ટક.4)**

| દશકાનો વસ્તી વૃદ્ધિનો દર | | |
|---|---|---|
| | 2001 | 2011 |
| જિલ્લા નું નામ | વસ્તી વૃદ્ધિનો દર | વસ્તી વૃદ્ધિનો દર |
| કચ્છ | 25.4 | 32.1 |
| બનાસકાંઠા | 26.4 | 24.6 |
| પાટણ | 14.2 | 13.61 |
| મહેસાણા | 12.0 | 10.31 |
| સાબરકાંઠા | 18.3 | 16.62 |
| ગાંધીનગર | 23.9 | 12.50 |
| અમદાવાદ | 26.8 | 23.45 |
| સુરેન્દ્રનગર | 25.3 | 15.19 |
| રાજકોટ | 26.1 | 20.2 |
| જામનગર | 21.8 | 13.44 |
| પોરબંદર | 14.3 | 9.06 |
| જુનાગઢ | 17.1 | 12.05 |
| અમરેલી | 6.5 | 8.63 |
| ભાવનગર | 19.3 | 16.63 |
| આણંદ | 13.0 | 12.70 |
| ખેડા | 13.3 | 12.86 |
| પંચમહાલ | 20.4 | 18.05 |

| | | |
|---|---|---|
| દાહોદ | 28.4 | 29.98 |
| વડોદરા | 19.9 | 14.38 |
| નર્મદા | 14.5 | 14.75 |
| ભરૂચ | 19.4 | 13.16 |
| ડાંગ | 29.6 | 22.26 |
| નવસારી | 13.2 | 8.15 |
| વલસાડ | 26.9 | 20.92 |
| સુરત | 47.0 | 42.24 |
| તાપી | | 12.14 |
| ગુજરાત | 22.7 | 19.28 |

(સ્ત્રોત: જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા)

ઉપરોક્ત કોષ્ટકની માહિતી તપાસતા જાણવા મળે છે મોટા ભાગના જિલ્લામાં દશકાનો વસ્તી વૃદ્ધિનો દર ઘટેલો જોવા મળે છે.2001 ની તુલનામાં 2011 મા વસ્તી વૃદ્ધિના દરમાં ઘટાડો નોંધાયો છે.સુરત દાહોદ અમદાવાદ રાજકોટ જેવા જીલામાં વસ્તી વૃદ્ધિ દર વધુ રહીયો છે.સૌથી વધુ સુરત જિલ્લામાં સૌથી ઓછો અમરેલી જીલામાં નોંધાયો છે.

**5. સાક્ષરતાના દરમાં થયેલા ફેરફારો તપાસવા**

**(કોષ્ટક.5)**

| સાક્ષરતાનો દર | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | 2001 | | | 2011 | | |
| | સાક્ષરતાનો દર | | | સાક્ષરતાનો દર | | |
| જીલાનું નામ | કુલ | પુરૂષ | સ્ત્રી | કુલ | પુરૂષ | સ્ત્રી |
| કચ્છ | 59.8 | 70.4 | 48.6 | 70.59 | 79.4 | 60.8 |
| બનાસકાંઠા | 51.0 | 66.5 | 34.4 | 65.32 | 78.1 | 51.8 |
| પાટણ | 60.4 | 73.6 | 46.3 | 72.30 | 82.9 | 61.1 |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| મહેસાણા | 75.2 | 86.2 | 63.6 | 83.6 | 91.39 | 75.72 |
| સાબરકાંઠા | 66.6 | 80.4 | 52.3 | 75.7 | 86.4 | 64.8 |
| ગાંધીનગર | 76.6 | 87.7 | 64.6 | 84.16 | 92.1 | 75.76 |
| અમદાવાદ | 79.5 | 87.3 | 70.8 | 85.31 | 90.74 | 79.35 |
| સુરેન્દ્રનગર | 61.6 | 74.2 | 48.1 | 72.13 | 82.11 | 61.45 |
| રાજકોટ | 74.2 | 82.6 | 65.2 | 80.96 | 87.7 | 74.43 |
| જામનગર | 66.5 | 76.2 | 56.2 | 73.65 | 81.50 | 65.33 |
| પોરબંદર | 68.6 | 78.4 | 58.4 | 75.78 | 83.45 | 67.75 |
| જુનાગઢ | 67.8 | 78.7 | 56.4 | 75.80 | 84.38 | 66.86 |
| અમરેલી | 66.1 | 76.4 | 55.8 | 74.25 | 82.21 | 66.09 |
| ભાવનગર | 66.2 | 78 | 53.7 | 75.52 | 84.39 | 66.08 |
| આણંદ | 74.5 | 86.1 | 61.9 | 84.37 | 91.82 | 76.36 |
| ખેડા | 72.0 | 86 | 56.9 | 82.65 | 91.31 | 73.49 |
| પંચમહાલ | 60.9 | 75.9 | 44.9 | 70.99 | 82.51 | 58.89 |
| દાહોદ | 45.2 | 58.9 | 31.3 | 58.82 | 70.01 | 47.65 |
| વડોદરા | 70.8 | 80 | 60.7 | 78.92 | 85.39 | 72.03 |
| નર્મદા | 59.9 | 72.4 | 46.6 | 72.31 | 81.19 | 63.09 |
| ભરૂચ | 74.4 | 83 | 65.1 | 81.51 | 87.45 | 75.09 |
| ડાંગ | 59.7 | 70.7 | 48.5 | 75.16 | 83.16 | 67.38 |
| નવસારી | 75.8 | 82.8 | 68.6 | 83.88 | 88.75 | 78.83 |
| વલસાડ | 69.2 | 77.9 | 59.6 | 78.55 | 84.55 | 72.06 |
| સુરત | 74.6 | 81.5 | 66.4 | 85.53 | 89.56 | 80.37 |
| તાપી | | | | 68.26 | 75.44 | 61.16 |
| ગુજરાત | 69.1 | 79.7 | 57.8 | 78.3 | 85.75 | 69.68 |

(સ્ત્રોત: જિલ્લા વસ્તી ગણતરી પુસ્તિકા)

ગુજરાતમાં સાક્ષરતાનું પ્રમાણ વધ્યું છે.2001 ની તુલનામાં 2011માં સારો એવો વધારો થયો છે.પરંતુ સ્ત્રી સાક્ષરતાના પ્રમાણમાં જોઈએ તેટલો વધારો થયો નથી 2001 માં 13 જિલ્લામાં ગુજરાતના સાક્ષરતાના દર કરતા ઓછો છે.2001 સૌથી વધુ સાક્ષરતા નો દર અમદાવાદ જિલ્લા માં હતો જ્યારે 2011 માં સુરત જિલ્લામાં છે જે ઉપરોક્ત કોષ્ટક પરથી જોય શકાય દાહોદ જિલ્લા માં સૌથી ઓછું સાક્ષરતાનું પ્રમાણ છે. પુરૂષ સાક્ષરતાનું પ્રમાણ વધુ ઝડપ થી વધીયુ છે.મતલબ કે 2001 થી 2011 દાયકામાં હકારાત્મક જોવા મળી છે.

**7. માહિતીની પ્રાપ્તી**

પ્રસ્તુત સંશોધન પેપરમાં ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે.વસ્તી ગણતરી ની પુસ્તિકા અને સરકાર દ્વારા બહાર પાડવામાં આવતા વસ્તી ગણતરીના આંકડા ઈન્ટરનેટ પર વેબસાઈટના માધ્યમ દ્વારા માહિતી પ્રાપ્ત કરવામાં આવી છે. આ ઉપરાંત વસ્તી પર થયેલા જુના સંશોધનો તેમજ જુદા જુદા સામાયિકો માંથી માહિતી એકત્રિત કરવામાં આવી છે.

**8. તારણો:**

1. ગુજરાત રાજ્યનો 2001-2011ની વસ્તી વૃદ્ધિદર 19.74.છે.

2. 2011ની વસ્તી ગણતરી અનુસાર ગુજરાતની કુલ વસ્તી 6.40 કરોડ થઈ છે. આ વસ્તી 2001માં 5.60 કરોડ હતી. આમ 2001-2011 દરમ્યાન રાજ્યની વસ્તીમાં 0.98 કરોડનો વધારો થયેલ જોવા મળે છે.

3. ઈ.સ.2001-201નાં દાયકામાં સૌથી વધુ વસ્તીવૃદ્ધિ દર સુરત જિલ્લામાં (42.24%) જ્યારે સૌથી ઓછી નવસારી જિલ્લામાં (8.15%) થયો છે.

4. ગુજરાત રાજ્યનાં 9 જિલ્લા એવા છે જ્યાં વસ્તીવધારો રાજયની સરેરાશ કરતાં ઉચો રહીયો છે.

5. 2001 અને 2011માં સૌથી વધુ વસ્તીગીચતા સુરત જિલ્લામાં જોવા મળી હતી તેમજ સૌથી ઓછી વસ્તીગીચતા કચ્છ જિલ્લામાં જોવા મળી હતી.

6. સાક્ષરતાના પ્રમાણમાં વધારો થયો છે. પુરૂષ કરતા સ્ત્રી સાક્ષારતમાં વધારો ઓછો થયો છે.

**9. સૂચનો:**

1. વધતી જતી વસ્તી દેશના બધાજ રાજ્યોની સમસ્યા છે.ગુજરાતમાં વસ્તી વધારા માટે જવાબદાર પરિબળ એક પરિબળ વસ્તી આયોજનનો અભાવ છે. વસ્તીનું યોગ્ય આયોજન અનિવાર્ય છે.

2. વસ્તી વધારાથી આર્થિક વિકાસ ધીમો પડે તેવી શક્યતાઓ રહેલી છે તેથી વસ્તી પર નિયંત્રણના કાર્યક્રમો ને વેગ આપવો જોય

3. ગુજરાતમાં કેટલાક ભાગોમાં વસ્તી ગીચતા ઓછી છે. તે માટે અનિયમિત આબોહવા ખેતીલાયક જમીનનું ઓછું પ્રમાણ પાણીની તંગીનું ઓછું પ્રમાણ જેવા જવાબદાર પરિબળો રહેલા છે જેને દૂર કરવા જોય

4. શિક્ષણનું પ્રમાણ વધારવું જોય ખાસ કરીને સ્ત્રી શિક્ષણનું પ્રમાણ વધારવું જોય

5. સમાજમાં દીકરો દીકરી એક સમાન છે એ માટે જાગૃતિ લાવવી જોઈએ

6. દરેક જીલામાં સ્રી ભ્રૂણ હત્યા અટકાવવી જોઈએ

7. સ્થાનિક નેતાઓ અને સામાજિક કાર્યકરોને કુટુંબનિયોજન કાર્યક્રમો માં રસ લઈ ને લોકોને જાગૃત કરવા જોઈએ

**10. સંદર્ભ સૂચિ**

1. ભાસ્કર જોશી (૧૯૫), ભારતની વસ્તી એક વિશ્લેષાગાત્મક અભ્યાસ, યુનિવર્સિટગ્રંથ નિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ

2. દેસાઈ જે. એન. (૧૯૮૯), વસ્તી શિક્ષાણ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ,ગુજરાત રાજ્ય, અમદાવાદ.

3. રાવલ ચંદ્રીકા (૨૦૦૫), વસ્તી એક સામાજીક સમસ્યા, પાર્શ્વ પબ્લીકેશન,અમદાવાદ

4. District Wise / Taluka Wise Major Demographic Indicators (2001). Directorate of Economics and Statistics, Gandhinagar.

5. State, District and Taluka Wise literate Population and literacy Rate (2001 & 2011), Directorate of Economics and Statistics, Gandhinagar

6. State, District and Taluka Wise Occupational Classification (2001, 2011). Directorate of Economics and Statistics, Gandhinagar